મુંબઈ સમાચાર
www.bombaysamachar.com

# મહિલાના હૃદયમાં ગાયના હૃદયનો વાલ્વ બેસાડી જીવનદાન અપાયું

મુંબઈ, તા. ૨૪

મુંબઈની એક હોસ્પિટલમાં બાવન વર્ષની મહિલાના હૃદયનો બગડેલો વાલ્વ દૂર કરી તેની જગ્યાએ ગાયના હૃદયનો વાલ્વ બેસાડી ડોકટરોએ તેને નવું જીવન આપ્યું હતું.

અમિતા પત્કી નામની મહિલાને એઓર્ટિક એન્યુઅરિઝમ (મુખ્ય ધમની પહોળી થવી) હોવાનું નિદાન થયું હતું. આ રોગમાં ઓક્સિજનયુક્ત લોહી હૃદયમાંથી શરીરના બીજા ભાગોમાં લઈ જતી ધમનીની દીવાલમાં સોજો આવી જાય છે. વધુ પડતી ખેંચાયેલી અને નબળી ધમની ફાટી શકે છે અને વધુ પડતું લોહી વહી જવાથી વ્યક્તિનું મોત થઈ શકે છે.

નાણાવટી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ટુ-ડી એકકાર્ડિયોગ્રામ (એકો ટેસ્ટ) દ્વારા ડોકટરોને જાણવા મળ્યું હતું કે મહિલાના હૃદયના વાલ્વને ભારે નુકસાન થયું હતું.

અમે મહિલા પર સર્જરી કરી ક્ષતિગ્રસ્ત વાલ્વને સ્થાને ગાયના હૃદયનો વાલ્વ (બાયોલોજિકલ બોવાઈન પેરિકાર્ડિઅલ વાલ્વ) બેસાડ્યો હતો, એમ કાર્ડિઓવેસ્ક્યુલર અને થોરેસિક સર્જન હેમંત પઠારેએ જણાવ્યું હતું.

સર્જરી પછીની સારવારને મહિલા દર્દી સારો પ્રતિસાદ આપી રહી છે. તેને જલ્દી ડિસ્ચાર્જ કરાશે, એમ ડોકટરે જણાવ્યું હતું.